નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/૧૪
જી.આઈ.ડી.સી., વડી કચેરી, ગાંધીનગર
તા. ૧૦/૦૨/૨૦૧૬

## // પરિપત્ર //

**વિષયઃ— ક્ષેત્રિય કચેરીએથી આવતી ફાઈલોનો જરૂરી નિર્ણય લઈ ત્વરીત નિકાલ કરવા બાબત.**

ઉપરોકત વિષય અન્વયે નિગમની ક્ષેત્રિય કચેરીઓએથી જરૂરી નિર્ણય/મંજુરી અર્થે વડી કચેરીએ ફાઈલો સાદર કરવામાં આવેલ છે. જેના અનુસંધાને વડી કચેરીની અલગ—અલગ શાખાઓના વડાઓને અભિપ્રાય સારૂ મોકલવામાં આવે છે. આ બાબતે અનુભવથી એવુ જોવા મળેલ છે કે અલગ—અલગ શાખાઓમાં ઘણાં લાંબા સમય સુધી ફાઈલો પડતર પડી રહે છે, જેના કારણે વડી કચેરી ધ્વારા લેવાના થતાં જરૂરી નિર્ણય બાબતે ખૂબજ સમય વીતી જાય છે. જેથી ઉદ્યોગકારોમાં અસંતોષ ઉભો થાય છે અને નિગમની છબી ખરડાય છે. જેથી વડી કચેરીની તમામ શાખાના વડાને આથી જણાવવામાં આવે છે કે તેમની શાખામાં અભિપ્રાય સારૂ આવતી ફાઈલોનો તેમને મળ્યા પછી શકય તેટલી ઝડપથી નિકાલ થાય તેમ કરવું. અન્યથા તે બાબતે જે—તે શાખાના વડાના સંપૂર્ણ જવાબદારી રહેશે.

નિગમના તમામ અધિકારીઓએ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (વિતરણ) ને પાઠવવી.

**(મનોજ અગ્રવાલ)**
**ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક**

પ્રતિ,
નિગમના તમામ શાખા અધિકારીશ્રીઓ.

**નકલ જયભારત સહ રવાનાઃ—**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) કાર્યપાલક નિયમકશ્રી (એસએન્ડએ),જીઆઈડીસી, ગાંધીનગર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.